"સરળ નોંધણી,
સરળ સુધારણા"

ફોન નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૦૦
ફેક્સ નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૬૫
ઈ-મેઈલ : dydeosuratoffice@gmail.com

કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત
ચૂંટણી શાખા, પહેલો માળ, બી-બ્લોક, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

નં.ચટણ-૨/ઈએલસી/મતદાર સાક્ષરતા કલબ/રચના/૨૦૨૦

તા.૨૮/૦૯/૨૦૨૦

પ્રતિ,

(૧) મતદાર નોંધણી અધિકારીશ્રી (તમામ), જિ. સુરત

(૨) મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી (તમામ), જિ. સુરત

વિષય:- મતદાર સાક્ષરતા કલબ (ELCs) અંતર્ગત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELCs)ની રચના કરવા બાબત.

સંદર્ભ:- ઉપ સચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૪-૦૯-૨૦૨૦ ના રોજના પત્ર ક્રમાંક: ઈએલસી-૧૦૨૦૧૯-૪૬૪-છ(SVEEP)

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ પત્ર અન્વયે અત્રેના જિલ્લામાં મતદાર સાક્ષરતા કલબ (ELCs) ની દરેક માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોમાં ૧૦૦% રચના કરવા બાબતે જણાવેલ છે, જેથી અત્રેના સુરત જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતદાર વિભાગોના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ તમામ માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELCs) ની સ્થાપના કરવાની થાય છે.

રાબબ, ઉપરોક્ત વિષયે આપની વિધાનસભા મતદાર વિભાગમાં તમામ માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELCs) ની રચના કરી તા.૦૮/૦૯/૨૦૨૦ સુધીમાં આ બાબતે આ સાથે સામેલ પત્રકમાં માહિતી બિનચૂક મોકલી આપવા વિનંતી.

વધુમાં, અત્રેના સુરત જિલ્લાને તમામ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કોલેજોની યાદી (Excel) માં અત્રેના સુરત જિલ્લાની સ્થાનિક ftp://10.205.3.236/ ઉપર તથા આપની કચેરીના ઈ-મેઈલ ઉપર મોકલાવેલ છે. જે જાણવા વિનંતી.

બિડાણ:- ઉપર મુજબ

અધિક જિલ્લા ચૂંટણી અધિકારી
સુરત

---

જા.નં. મા-૨/૨૦૨૦/૧૩૫૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા.૩૦/૯/૨૦૨૦

જાણ તથા અમલ થવા સારું.

ઉપરોકત સંદર્ભ પત્ર અન્વયે તમામ શાળાઓએ મતદાર સાક્ષરતા કલબ (ELCS)ની કરેલ રચના પોતાના Q.D.C માં જમાં કરાવી. Q.D.C એ પોતાના S.V.S માં જમા કરાવવાની રહેશે. S.V.S કન્વીનરશ્રીએ કચેરીમાં દિન-૭ માં મોકલવાની રહેશે.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા શાળાઓ તરફ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

Scanned by CamScanner